


(D - 81)

## ત્રિશલા દેવીના જાયા,

(મથુરામાં ખેલ ખેલી આવ્યા, હો
કા......ન! –એ રાગ)

ત્રિશલા દેવીના જાયા, હો દેવ! વર્દ્ધમાન પાયા
સુરેન્દ્ર–પૂજ્ય જે પૂજ્ય જગતના, શિરતાજ આજ પાયા.
હો દેવ! વર્દ્ધમાન પાયા૦ ૧

કામિત–પૂરણ પૂરણ–પુણ્યે, કામકુંભ કામધેનું પાયા,
હો દેવ! વર્દ્ધમાન પાયા૦ ૨

ભાવઠ ભવની આજ મારી ભાંગી, ચિંતામણિ ચિત્ત ઠાયા,
હો દેવ! વર્દ્ધમાન પાયા૦ ૩

મનોમંદિરમાં સુરતરુ ફળિયો, આંગણે અમી વરસાયા,
હો દેવ! વર્દ્ધમાન પાયા૦ ૪

માનવભવ મેં પાવન કીનો, ભક્તિ-દીપક પ્રકટાયા,
હો દેવ! વર્દ્ધમાન પાયા૦ ૫

વાસરમણિ સમ વર્દ્ધમાન પૂજી, મનપંકજ વિકસાયા,
હો દેવ! વર્દ્ધમાન પાયા૦ ૬

નરેંદ્ર–પૂજિત પ્રેમે વધાવી, કલ્યાણ મંગલ લાયા,
હો દેવ! વર્દ્ધમાન પાયા૦ ૭

શ્રી જિનરાજ પ્રભુ પાય નમીને, જિણંદ-ગુણ-ગણ ગાયા,
હો દેવ! વર્દ્ધમાન પાયા૦ ૮